પડિકલે સતત બીજી ટેસ્ટમાં સદી ફટકારી, ભારતના 5 વિકેટે 300 રન

જયસ્વાલના 45 અને ગિલની અડધી સદી બાદ પડિકલે 117 રનની શાનદાર ઇનિંગ્સ રમીને ભારતને મુશ્કેલીમાંથી ઉગાર્યું

ઋષભ પંતને હાથમાં ઈજા થતાં માત્ર 3 રને રિટાયર્ડ હર્ટ થયો

કોલંબો, તા. 23 (પીટીઆઈ): દેવદત્ત પડિકલે સતત બીજી ટેસ્ટમાં સદી ફટકારીને શ્રીલંકા સામેની બીજી અને અંતિમ ટેસ્ટના પ્રથમ દિવસે ભારતને 5 વિકેટે 300 રન સુધી પહોંચાડ્યું. કોલંબોમાં પડકારજનક પીચ અને ગરમી-ભેજ વચ્ચે પડિકલે 168 બોલમાં 117 રનની શાનદાર ઇનિંગ્સ રમી. આ તેની કારકિર્દીની માત્ર ચોથી ટેસ્ટ છે. શરૂઆતમાં તેને 0 અને 1 રને બે જીવનદાન મળ્યાં હતાં, પરંતુ ત્યાર બાદ તેણે શાનદાર સંયમ બતાવ્યો.

યશસ્વી જયસ્વાલે 45 અને કેપ્ટન શુભમન ગિલે 50 રન બનાવ્યા. બંનેએ પડિકલે સાથે ત્રીજી વિકેટ માટે 120 રનની મહત્વની ભાગીદારી કરી હતી, પરંતુ મોટી ઈનિંગ્સમાં ફેરવી શક્યા નહીં. કે એલ રાહુલ પણ 26 રને આઉટ થયો. ઋષભ પંતને લાહિરૂ કુમારાના બોલથી હાથમાં ઈજા થતાં માત્ર 3 રને રિટાયર્ડ હર્ટ થવું પડ્યું.

પડિકલે ઝડપી બોલરોના શોર્ટ બોલનો સારી રીતે સામનો કર્યો અને સ્પિનરો સામે પણ ધીરજ રાખી. તેણે પ્રભાથ જયસૂર્યાના બોલ પર ચોગ્ગો ફટકારીને અડધી સદી પૂરી કરી હતી. બાદમાં 99 રને ફરી જયસૂર્યાના બોલ પર ચોગ્ગો ફટકારીને સદીની નજીક પહોંચ્યો અને બે બોલ બાદ એક રન લઈને સદી પૂરી કરી.

રવિન્દ્ર જાડેજાએ પડિકલ સાથે ચોથી વિકેટ માટે 74 રનની ભાગીદારી કરી, પરંતુ 23 રને આઉટ થયો. દિવસના અંતે ધ્રુવ જુરેલ 7 અને ડેબ્યૂ કરનાર સરાંશ જૈન 4 રને ક્રિઝ પર હતા.

ભારત પ્રથમ દાવ	રન	બોલ	4	6
જયસ્વાલ બો ફર્નાન્ડો	45	53	9	0
રાહુલ કો ડિકવેલા બો કુમારા	18	33	2	1
પડિક્કલ બો નુવાન્થા	117	193	12	0
ગીલ કો ડિકવેલા બો ફર્નાન્ડો	50	108	6	0
પંત રિટાયર્ડ હર્ટ	3	15	0	0
જાડેજા બો ફર્નાન્ડો	43	83	4	0
જુરેલ રમતમાં	7	21	1	0
સારાંશ રમતમાં	4	5	1	0
વધારાના	13			
કુલ 85 ઓવરમાં 5 વિકેટે	300 રન			

વિકેટ પતન: 1-37, 2-66, 3-186, 3-207*, 4-281, 5-296

બોલિંગ	O	M	R	W
અસિથા ફર્નાન્ડો	16	5	46	3
લાહિરુ કુમારા	13	4	38	1
પ્રભાથ જયસૂર્યા	27	4	90	0
કેશારા નુવાન્થા	22	0	93	1
સોનલ દીનુશા	1	0	2	0
ધનંજય ડિ સિલ્વા	2	0	8	0
કમિલ મિશારા	4	0	16	0

જયસ્વાલ અને અસિથા વચ્ચે ઘર્ષણ

જયસ્વાલ 45 રને અસિથા ફર્નાન્ડોના બોલ પર બોલ્ડ થયા બાદ ફર્નાન્ડોએ તેને 'સેન્ડ-ઓફ' આપ્યો અને અમુક ટિપ્પણી કરી હતી. જયસ્વાલ આ સાંભળીને પાછો ફર્યો અને ફર્નાન્ડોને જવાબ આપ્યો અને બંને વચ્ચે થોડી બોલાચાલી થઈ. બંને એક બીજાની સામસામે ઉભા હતા અને એક બીજાને ધક્કો મારવાના પ્રયાસ પણ કર્યા હતા. જયસ્વાલનું હેલ્મેટ ફર્નાન્ડોના કપાળને અડક્યું હતું. જોકે શ્રીલંકાના કેપ્ટન ધનંજય ડી સિલ્વા અને અન્ય ખેલાડીઓએ વચ્ચે પડીને મામલો શાંત કરાવ્યો.

બાંગ્લાદેશને ઇનિંગ્સથી હરાવી ઓસ્ટ્રેલિયાએ સિરીઝ બરાબર કરી

મેકે ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો એક ઇનિંગ્સ અને 51 રને વિજય, સ્ટાર્કે મેચમાં 10 વિકેટ ઝડપી

શોરિફુલ ઈસ્લામે 7 વિકેટ ઝડપી

બીજી ટેસ્ટ માત્ર બે દિવસમાં પૂરી થઈ

મેકે (ઓસ્ટ્રેલિયા), તા. 23 (એપી): મિચેલ સ્ટાર્કની ઘાતક બોલિંગના આધારે ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને બીજી ટેસ્ટમાં એક ઇનિંગ્સ અને 51 રને હરાવી બે મેચની સિરીઝ 1-1થી બરાબર કરી લીધી. મેકેમાં રમાયેલી ટેસ્ટ માત્ર બે દિવસમાં પૂરી થઈ હતી. સ્ટાર્કે મેચમાં કુલ 10 વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ ઇનિંગ્સમાં 12 રને 6 અને બીજી ઇનિંગ્સમાં 39 રને 4 વિકેટ લીધી હતી.

સ્ટાર્કની ટેસ્ટ કારકિર્દીમાં ચોથી વખત 10 વિકેટ લીધી હતી. તેણે ટેસ્ટમાં કુલ 445 વિકેટ પૂરી કરીને દક્ષિણ આફ્રિકાના મહાન ઝડપી બોલર ડેલ સ્ટેનને પાછળ છોડીને સર્વકાલીન યાદીમાં 10મું સ્થાન મેળવ્યું. બે ટેસ્ટમાં 12 વિકેટ ઝડપવા બદલ સ્ટાર્કને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો.

બાંગ્લાદેશને પ્રથમ ઇનિંગમાં 64 રને ઓલઆઉટ કર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઇનિંગ્સમાં 210 રન બનાવી બાંગ્લાદેશ પર 146 રનની લીડ મેળવી હતી. કેમેરોન ગ્રીને 67 રનની મહત્વપૂર્ણ ઇનિંગ્સ રમી હતી. નાથન લાયને અણનમ 32 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી શોરિફુલ ઇસ્લામે 48 રનમાં 7 વિકેટ ઝડપી હતી, જે વિદેશમાં બાંગ્લાદેશના બોલરનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું.

બીજી ઇનિંગ્સમાં પણ બાંગ્લાદેશના બેટર્સ સ્ટાર્ક અને ઓસ્ટ્રેલિયન બોલિંગ સામે ટકી શક્યા નહીં અને ટીમ માત્ર 95 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન નજમુલ હુસૈન શાંતો 31 રન સાથે ટોચનો સ્કોરર રહ્યો, જ્યારે મુશ્ફિકુર રહીમ 29 રને અણનમ રહ્યો. પેટ કમિન્સ અને લાયને ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. ગયા અઠવાડિયે ડાર્વિનમાં પ્રથમ ટેસ્ટમાં મળેલી હાર બાદ ઓસ્ટ્રેલિયાએ શાનદાર વાપસી કરી સિરીઝ બરાબર કરી હતી.

બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ : ફ્રાન્સના ગિકેલ-ડેલર્યુ અને લેનિયરે રચ્યો ઈતિહાસ

ગિકેલ-ડેલર્યુએ જીત્યો ફ્રાન્સનો પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ

લેનિયરે પુરુષ સિંગલ્સમાં ફ્રાન્સને પ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ અપાવ્યો

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): ફ્રાન્સના થોમ ગિકેલ-ડેલ્ફિન ડેલર્યુની મિક્સ્ડ ડબલ્સ જોડી અને પુરુષ સિંગલ્સના ખેલાડી એલેક્સ લેનિયર રવિવારે બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયન બન્યા હતા. આ સાથે તેઓ વર્લ્ડ ચેમ્પિયન બનનારા ફ્રાન્સના પ્રથમ બેડમિન્ટન ખેલાડી બન્યા. વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઇનલમાં વર્લ્ડ નંબર-5 ગિકેલ-ડેલર્યુએ ચીનની નંબર-1 જોડી ફેંગ યાન ઝે-હુઆંગ ડોંગ પિંગને 22-20, 19-21, 21-15થી હરાવી હતી. 1 કલાક 18 મિનિટ સુધી ચાલેલી મેચમાં ફ્રેન્ચ જોડીએ ખાસ કરીને નેટ પર શાનદાર રમત બતાવી હતી. ગયા વર્ષે પેરિસમાં આ જોડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ વર્ષે તેઓ ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં રનર્સ-અપ રહ્યા હતા.

પુરુષ સિંગલ્સ : લેનિયરે નારાઓકાને હરાવ્યો

એલેક્સ લેનિયરે જાપાનના કોડાઈ નારાઓકાને એકતરફી ફાઇનલમાં 21-11, 21-11થી હરાવીને ફ્રાન્સને પુરુષ સિંગલ્સનો પ્રથમ ખિતાબ અપાવ્યો. લેનિયરે કહ્યું કે આ જીત પોતાના માટે નહીં, પરંતુ ફ્રાન્સ માટે હતી. તેણે કહ્યું કે મિક્સ્ડ ડબલ્સમાં ગિકેલ-ડેલર્યુની જીત બાદ તેના પર દેશ માટે વધુ એક ઈતિહાસ રચવાની જવાબદારી હતી.

2026 પહેલાં ફ્રાન્સનો કોઈ ખેલાડી ફાઈનલમાં પહોંચ્યો ન હતો

ફ્રાન્સ માટે આ સફળતા ખાસ એટલા માટે છે કે બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 2026 પહેલાં દેશના ખેલાડીઓ માત્ર બે બ્રોન્ઝ મેડલ જીતી શક્યા હતા અને કોઈ ફાઇનલમાં પહોંચ્યું નહોતું. બેડમિન્ટનમાં એશિયન દેશોના દબદબા વચ્ચે ફ્રાન્સે આ વખતે એક જ દિવસે બે ગોલ્ડ જીતીને બેડમિન્ટનની નવી ઉભરતી શક્તિ તરીકે પોતાની હાજરી નોંધાવી છે.

મહિલા સિંગલ્સ : એન સે યંગ ફરી વિશ્વ ચેમ્પિયન

કોરિયાની વિશ્વમાં નંબર-1 એન સે યંગે જાપાનની ત્રણ વખતની ચેમ્પિયન અકાને યામાગુચીને 21-17, 21-14થી હરાવીને બીજી વખત મહિલા સિંગલ્સ વર્લ્ડ ટાઇટલ જીત્યું. તેણે 2023માં ડેનમાર્કમાં પ્રથમ ખિતાબ જીત્યો હતો. ઇજામાંથી સાજી થયા બાદ રમેલી આ ટૂર્નામેન્ટમાં એનનું પ્રદર્શન શાનદાર રહ્યું. મહિલા ડબલ્સમાં કોરિયાની બેક હા ના-લી સો હીએ ચીનની લિયુ શેંગ શુ-તાન નિંગને હરાવીને ખિતાબ જીત્યો. પુરુષ ડબલ્સમાં ચીનના લિયાંગ વેઈ કેંગ-વાંગ ચાંગે મલેશિયાની એરોન ચિયા-સોહ વૂઈ યિક જોડી પર જીત મેળવી.

ઈમરાન ખાનની યોગ્ય સારવાર માટે ગાવસ્કર, કપિલ સહિત 21 પૂર્વ કેપ્ટનોની અપીલ

શાહબાઝ શરીફને લખાયેલા પત્રોમાં ગાવસ્કર, કપિલ, બોર્ડર અને લોયડ સહિતના દિગ્ગજોના હસ્તાક્ષર

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): ભારતના પૂર્વ ક્રિકેટ કેપ્ટનો સુનીલ ગાવસ્કર, કપિલ દેવ અને દિલિપ વેંગસરકાર સહિત 21 આંતરરાષ્ટ્રીય પૂર્વ કેપ્ટનોએ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને પત્ર લખ્યો છે.

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન અને વર્લ્ડકપ વિજેતા કેપ્ટન ઈમરાન ખાનની યોગ્ય તબીબી સારવાર અને કલ્યાણ માટે આ અપીલ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન ગ્રેગ ચેપલ દ્વારા શરૂ કરાયેલી આ પહેલ, 73 વર્ષીય ઈમરાન ખાનની માનવીય સારવાર માટે આંતરરાષ્ટ્રીય કેપ્ટનો દ્વારા લખાયેલો બીજો પત્ર છે.

સોશિયલ મીડિયા પર પ્રકાશીત આ પત્રમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્દેશિત મેડિકલ બોર્ડને ઈમરાન ખાનના સ્વાસ્થ્યની સ્વતંત્ર તપાસ કરવાની મંજૂરી આપવા વિનંતી કરાઈ છે. ખાસ કરીને તેમની જમણી આંખની રોશની ઓછી થવાના અહેવાલોને ધ્યાનમાં રાખીને આ માગ કરાઈ છે.

આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી સાપ્તાહિક પરિવાર મુલાકાતો કોઈપણ અડચણ વગર ચાલુ રાખવા અને ભલામણ કરેલી સારવાર તુરંત આપવા આગ્રહ કરાયો છે.

પત્રમાં સ્પષ્ટ કરાયું છે કે કેપ્ટનો પાકિસ્તાનની ઘરેલુ કાનૂની પ્રક્રિયામાં દખલ કરવા નથી માગતા, પરંતુ કોર્ટના આદેશ મુજબની તબીબી પ્રક્રિયા પૂર્ણ કરાવવી એ માનવતાની દ્રષ્ટિએ જરૂરી છે.

આ હસ્તાક્ષર કરનારાઓમાં એલન બોર્ડર, માઈકલ આથરટન, માઈકલ બ્રેયરલી, ઈયાન ચેપલ, ગ્રેગ ચેપલ, બેલિંડા ક્લાર્ક, એલાસ્ટર કુક, એડમ ગિલક્રિસ્ટ, ડેવિડ ગાવર, કિમ હ્યુજીસ, નાસિર હુસૈન, ક્લાઈવ લોયડ, અર્જુન રાણતુંગા, એન્ડ્રયુ સ્ટ્રોસ, સ્ટીફન વો અને જોન રાઈટનો સમાવેશ થાય છે.

સિનસિનાટી ઓપન: 56 વર્ષ બાદ મહિલા ફાઈનલમાં બે અમેરિકન ખેલાડીઓ

પેગુલાએ સ્વિટેક અને ગફે બેલેકને હરાવી ફાઇનલમાં જગ્યા બનાવી

માસોન (અમેરિકા), તા. 23 (એપી): જેસિકા પેગુલા અને કોકો ગફ વચ્ચેની ટક્કર સાથે સિનસિનાટી ઓપનની મહિલા ફાઈનલ 56 વર્ષ બાદ ઓલ-અમેરિકન બની છે.

શનિવારે પેગુલાએ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈગા સ્વિટેકને 7-5, 4-6, 6-4થી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું. તે આ સિઝનમાં ટૂર પર સૌથી વધુ 45મી જીત હતી. સાથે જ પેગુલાએ કારકિર્દીની 300મી ટૂર-લેવલ જીત નોંધાવી અને સ્વિટેકની સતત 10 જીતની શ્રેણીનો અંત લાવ્યો.

બીજી સેમિફાઈનલમાં 2023ની ચેમ્પિયન કોકો ગફે ચેક રિપબ્લિકની સારા બેલેકને 6-4, 6-1થી હરાવી. 20 વર્ષની બેલેકે સેમિફાઈનલ સુધીની સફરમાં ટોચની સીડ એરિના સબાલેન્કા અને મેડિસન કીઝને હરાવી હતી.

સિનસિનાટી ઓપનની મહિલા ફાઈનલમાં છેલ્લે બે અમેરિકન ખેલાડીઓ 1970માં સામસામે આવી હતી. ત્યારે રોઝી કેસલ્સે નેન્સી રિચીને હરાવી હતી.

ટિયાફો અને આર્થર ફિલ્સ વચ્ચે પુરુષોની ફાઈનલ

પુરુષોની સેમિફાઇનલમાં અમેરિકાના ફ્રાન્સિસ ટિયાફોએ બ્રાન્ડન નાકાશિમાને 7-5, 6-3થી હરાવી ફાઇનલમાં સ્થાન મેળવ્યું, જ્યાં તેનો સામનો ફ્રાન્સના આર્થર ફિલ્સ સામે થશે. ફિલ્સે શનિવારે ફ્લાવિયો કોબોલીને 6-3, 6-4થી હરાવ્યો. તે સિનસિનાટીની ફાઈનલમાં પહોંચનાર બીજો ફ્રેન્ચ ખેલાડી બન્યો છે. આ ફાઇનલ ATP માસ્ટર્સ 1000માં બે બ્લેક ખેલાડીઓ વચ્ચેની પ્રથમ ફાઇનલ હશે.

ડચ ગ્રાં પ્રિમાં નોરિસનો વિજય, એન્ટોનેલી બીજા ક્રમે

એન્ટોનેલીને હરાવી મેકલારેન ડ્રાઇવર ચેમ્પિયનશિપ રેસમાં મજબૂત બન્યો, રસેલ ત્રીજા ક્રમે

ઝેન્ડવુર્ટ (નેધરલેન્ડ), તા. 23 (એપી): લેન્ડો નોરિસે કિમી એન્ટોનેલી અને લુઈસ હેમિલ્ટનને પાછળ છોડીને ડચ ગ્રાં પ્રિમાં સતત બીજી ફોર્મ્યુલા-1 રેસ જીતી હતી. પોલ પોઝિશનથી શરૂઆત કરનાર નોરિસને શરૂઆત બાદ રેસમાં ભારે અકસ્માતને કારણે રેડ ફ્લેગ લાગ્યા બાદ ફરી શરૂ થયેલી રેસમાં એન્ટોનેલીએ પાછળ છોડી દીધો હતો. હોમ હીરો મેક્સ વર્સ્ટાપેનનો ભારે અકસ્માત થતાં રેસ રોકવી પડી હતી. રેસ ફરી શરૂ થયા બાદ નોરિસે એન્ટોનેલીનો પીછો કર્યો હતો. 72 લેપની રેસમાં 54મા લેપ દરમિયાન નોરિસે પહેલા કોર્નર પર બહારની તરફથી સાહસિક ઓવરટેક કરીને એન્ટોનેલીને પાછળ છોડ્યો હતો. એ જ લેપમાં તેણે હેમિલ્ટનને પણ પાછળ છોડીને લીડ મેળવી હતી. જૂના ટાયરો સાથે નોરિસે અંત સુધી પોતાની લીડ જાળવી રાખી અને વિજય મેળવ્યો. ટીમ રેડિયો પર તેણે કહ્યું કે ટાઇટલની રેસ હજુ ચાલુ છે. એન્ટોનેલી બીજા ક્રમે રહ્યો હતો, જ્યારે તેની મર્સિડીઝ ટીમના સાથી જ્યોર્જ રસેલ ત્રીજા સ્થાને રહ્યા હતા. એન્ટોનેલીના ટાયર બદલવાના નિર્ણયનો પ્રયોગ નિષ્ફળ ગયા બાદ રસેલને તેને આગળ જવા દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હેમિલ્ટન ચોથા સ્થાને રહ્યો હતો.

વર્સ્ટાપેનનો હોમ રેસમાં ભારે અકસ્માત

ડચ ગ્રાં પ્રિમાં હોમ હીરો મેક્સ વર્સ્ટાપેનની રેસ પહેલા જ લેપમાં સમાપ્ત થઈ ગઈ. શરૂઆતમાં સાતમા ક્રમે રહેલો વર્સ્ટાપેન અંતિમ બેન્ક્ડ કોર્નર પર કારનો કાબૂ ગુમાવી બેઠો અને ટ્રેકની બહારની કોન્ક્રિટ દિવાલ સાથે જોરદાર અથડાયો. ભીની સપાટીને કારણે કારનું સંતુલન ગુમાવ્યું હોવાનું પ્રાથમિક અહેવાલોમાં જણાવાયું છે. તેની રેડ બુલ કારને ભારે નુકસાન થયું અને અકસ્માતને કારણે રેસમાં રેડ ફ્લેગ જાહેર કરાયો અને અકસ્માત થતાં ડચ ગ્રાં પ્રિ રોકવી પડી હતી. વર્સ્ટાપેન પોતાની કારમાંથી કોઈની મદદ વગર બહાર આવ્યો અને તેને કોઈ ઈજા થઈ નહોતી. અકસ્માત પહેલાં વરસાદને કારણે ટ્રેક પર ભેજ હતો. અન્ય કેટલાક ડ્રાઇવરોને પણ મુશ્કેલી પડી હતી. ઓડીના ગેબ્રિયલ બોર્ટોલેટોએ પણ એ જ વિસ્તારમાં કારનો કાબૂ ગુમાવ્યો, પરંતુ તે અકસ્માતથી બચી ગયો. આ વર્સ્ટાપેનની હોમ ડચ ગ્રાં પ્રિમાં અંતિમ રેસ પણ હતી, કારણ કે ઝેન્ડવુર્ટ 2026 બાદ F1 કેલેન્ડરમાંથી બહાર થઈ રહ્યું છે.

પ્રીમિયર લીગ : માનચેસ્ટર સિટીની બોર્નમાઉથ સામે રોમાંચક જીત

84મી મિનિટ બાદ બે ગોલથી પલટાયું પરિણામ, ગ્વાર્ડિયોલે સ્ટોપેજ ટાઇમમાં અપાવ્યો વિજય

બ્રાઇટને એસ્ટન વિલાને 4-0થી હરાવ્યું

માન્ચેસ્ટર, તા. 23 (એપી): માનચેસ્ટર સિટીએ નવા મેનેજર એન્ઝો મારેસ્કાના પ્રીમિયર લીગના પ્રથમ મુકાબલાને જીત સાથે યાદગાર બનાવ્યો. સિટીએ બોર્નમાઉથ સામે ઘરઆંગણે 2-1થી જીત મેળવવા અંતિમ તબક્કામાં જોરદાર વાપસી કરી. મેચના 84મી મિનિટ બાદ સિટીએ બંને ગોલ કર્યા.

માર્ક ગેહીએ કોર્નર પરથી હેડર વડે બોર્નમાઉથને 1-0ની સરસાઈ અપાવી હતી. જોકે, સિટીએ અંતિમ ક્ષણોમાં મેચનું પરિણામ પલટી નાખ્યું. જોકો ગ્વાર્ડિયોલે સ્ટોપેજ ટાઈમની પ્રથમ મિનિટે ગોલ કરીને સિટીને વિજય અપાવ્યો. ગોલને શરૂઆતમાં ઓફસાઈડ ગણાવવામાં આવ્યો હતો, પરંતુ વીડિયો રિવ્યૂ બાદ તેને માન્ય જાહેર કરાયો હતો. એન્ઝો મારેસ્કાએ ગોલ મળતાં જ ખુશીમાં મુક્કો હવામાં ઉછાળ્યો અને અંતિમ વ્હિસલ બાદ ખેલાડીઓને ગળે લગાવ્યા. મારેસ્કા અગાઉ 2022-23ની ટ્રેબલ વિજેતા સિટીની ટીમમાં પેપ ગાર્ડિયોલાના સહાયક રહી ચૂક્યો છે. સિટીના ચાહકોએ તેના સ્વાગત માટે 'Welcome back Enzo' લખેલું વિશાળ બેનર પણ દર્શાવ્યું હતું. મારેસ્કાની ટીમની રમત ગાર્ડિયોલાના સમયની જેમ પ્રવાહી જોવા મળી નહોતી, પરંતુ અવેજી ખેલાડી રેયાન શેરકીએ બંને ગોલમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અન્ય એક મેચમાં બ્રાઇટને એસ્ટન વિલાને 4-0થી હરાવ્યું હતું. બ્રાઇટને પ્રથમ 31 મિનિટમાં જ ચાર ગોલ કર્યા હતા. મેક્સિમ ડી ક્યુઇપરે એક ગોલ કર્યો અને એક ઓન-ગોલમાં ભૂમિકા ભજવી, જ્યારે જેક હિન્સેલવૂડે બે ગોલ કર્યા. એસ્ટન વિલાના જોઆઓ ગોમેસને પ્રથમ હાફમાં રેડ કાર્ડ મળ્યું હતું.

આજનું પંચાંગ

તા. 24/08/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: સુદ: બારસ: 30:22, તિથિવાસર,
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવા: 02
યોગ : પ્રીતિ **કરણ:** બવ
નક્ષત્ર : પૂ.ષા: 20:28
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 27:07 પછી મકર (ખ,જ)
દિવસ : સામાન્ય- શિવમુઠી પૂજન તલ, પિવત્રા બારસ, વિષ્ણુ પવિત્રા રોપણ, બુધ્ધ દ્વાદશી, દામોદર દ્વાદશી
સુરતમાં સૂર્યોદય : 06:21 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:01
નવકારસી : 07:09
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 10મો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત,
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ,
રાહુકાળ : સવારે: 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વિદ્યાર્થીઓને સફળતાનાં અનુભવ થાય. મનોરંજન યાત્રા થાય. કોઈ માંગલિક કાર્ય ક્રમમાં ભાગ લેવાનું બને.

વૃષભ (બ,વ,ઉ,): ભાગ-દોડમાં સમયનો વ્યય થાય. અપ્રિય સમાચાર મળે. પડવા-વાગવાથી સાવધાન- ઉધાર લેવાનું ટાળવું.

મિથુન (ક,છ,ઘ,): આર્થિક પ્રગતિ થાય. ઘર-પરિવારમાં સામાજીક પ્રસંગનું વાતાવરણ રહે. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું થાય.

કર્ક (ડ,હ,): હીત શત્રુઓથી સાવધાન, લેવડ-દેવડમાં સાવધાન. સરકારી કામમાં સાવધાન. નોકરીમાં અચાનક તક મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): નવા રોકાણમાં ધીરજ રાખવી. અચાનક વિવાદથી પરિવારમાં અશાંતિ પેદા થાય. આવક વધશે.

કન્યા (પ,ઠ,ણ,): વાણી પર કાબુ રાખવો. ધાર્મિક પ્રવાસ થાય. મિત્રો સાથે સમાજીક કાર્ય થાય. આવક વધશે.

તુલા (ર,ત,): કાર્ય-પધ્ધતિમાં ફેરફારથી જવાબદારી વધશે. પ્રવાસ, દલાલી, ટયુશન, ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન,ય,): ઘરમાં અવર-જવર વધે. ઉધરાણીની ચિંતા સતાવે. પારીવારિક ધંધામાં આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): કાયદા કાનુન બાબતે સાવધાન રહેવું. વિવેક પૂર્ણ વ્યવહારથી કામમાં ગતિ આવે. પડવા-વાગવાથી સાવધાન.

મકર (ખ,જ,): વડીલોની સલાહથી અનુકુળતા વધશે. બીનજરૂરી ખર્ચા વધે. ગુપ્ત ભય સતાવે. પડવા-વાગવાથી બચવું.

કુંભ (ગ,સ,શ,ષ,): આવક વધે. શુભ સમાચાર મળે. મિત્રોનો સાથ સામાજીક કામમાં મળે. નવા કામની શરૂઆત થાય.

મીન (દ,ચ,ઝ,થ,): નોકરીની તલાસ પૂર્ણ થાય. નવા વેપારની યોજના બને. સમાજ જીવનમાં યસ મળે. આવક વધે.

કોઈ પણ સાલમાં 24 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રીતે નવી તકો, નવા સંઘર્ષ અને હરીફોની હેરાનગતિનો અનુભવ કરાવનાર રહેનાર છે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉધરાણી આવવાથી નવા રોકાણથાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી, કામ-કોર્ટ-કચેરીમાં પ્રગતિથી ઉત્સાહ વધે. નવા વેપાર ધંધા અને આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોની મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકુળતા વધશે. ઊંમર લાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામ પાર પડે. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મ થાય. એપ્રિલ-મે-સપ્ટેમ્બર- ઓક્ટોબર, શુક્ર-શનિવાર 06,15,24 તારીખે નવા કામ કરવાં. સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર 01,10,19,28 તારીખે નવા કામ ટાળવો, મૂરા અને ગ્રે રંગનો ઉપયોગ ઓછો કરવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

સુડોકુ 'ક્રૂટિ'

	૩					૫		૨
૪		૫	૯	૧			૭	૬
૮			૫		૪			
૨		૧	૭	૫				૩
૯	૪		૨	૩			૫	
૭	૫	૩						૧
				૪				૫
૫			૮	૬	૨	૯		૭
								૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૯	૩	૭	૬	૭	૭	૯
૭	૯	૭	૯	૬	૭	૨	૬	૩
૩	૭	૬	૭	૭	૨	૬	૩	૭
૭	૭	૬	૭	૭	૨	૯	૩	૨
૯	૭	૨	૬	૩	૭	૬	૭	૯
૭	૬	૯	૨	૯	૩	૭	૬	૭
૬	૭	૭	૯	૭	૩	૩	૯	૨
૯	૨	૩	૭	૭	૬	૯	૯	૬

ડેડ-ઇક્રુ ક્રૂડિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પાંડુ રોગ- કમળો

ત્રિફળા, ગળો, અરડૂસી, કડુ, કરિયાતું અને લીમડાની છાલ સરખા ભાગે લઈ ચવકૂટ કરી લો. રોજ બે ચમચી ભૂકો ચાર કપ પાણીમાં ઉકાળી, એક કપ થાય ત્યારે ગાળી, બે ભાગ કરી, સવારે અને સાંજે પીવું.